# રાજયોગ દ્વારા શક્તિઓની પ્રાપ્તિ

ભારત આધ્યાત્મ પ્રધાન દેશ છે. અહીં લોકોના મનમાં પરમાત્મા, ભગવાન અને ઈશ્વર પ્રત્યે અતૂટ શ્રદ્ધા છે. પ્રતિદિન લોકો પોતપોતાના ધર્મસ્થળ પર પોતાની ભાવના અર્પણ કરવા માટે જાય છે. પોતાના મનને ઈશ્વર સાથે જોડાવવા માટે વિભિન્ન વિધીઓનો આધાર લે છે. ભગવાનને ક્યારેક દેવતાઓનો રૂપમાં અને ક્યારેક દેવી અથવા શિવશક્તિઓના રૂપમાં યાદ કરવામાં આવે છે. આ બધા જ વિધિ વિધાનો દ્વારા માનવ પોતાના જીવનમાં શક્તિઓ પ્રાપ્ત કરવા ઈચ્છે. પરંતુ કઈ શક્તિ? આ પ્રશ્ન વિચારવા યોગ્ય છે.

દુનિયામાં કોઈની પાસે ધનની શક્તિ છે. જેનાથી તે સુખ સુવિધાઓના બધાં જ સાધન પ્રાપ્ત કરી શકે છે, પરંતુ પરિવારમાં પોતાના કોઈ પ્રિય વ્યક્તિને અસાધ્ય બીમારી આવી જાય છે. ત્યારે તે અનુભવ કરે છે કે આ ધનની શક્તિ તેના કોઈ કામની નથી. કોઈની પાસે શારીરિક શક્તિ હોય છે, પરંતુ જ્યારે તે વ્યક્તિના સંબંધી જીવનના અંતિમ શ્વાસ લઈ રહ્યો હોય છે ત્યારે તે ભાંગી પડે છે.

આવી જ રીતે કોઈની પાસે વાણીની શક્તિ, લખવાની શક્તિ હોય છે, પરંતુ ઘણી વાર તે જ શક્તિ તેના દુઃખનું કારણ બની જાય છે. આ ભૌતિક શક્તિઓ વ્યક્તિને અલ્પકાળ માટે સુખ અને ફાયદો પહોંચાડે છે, પરંતુ સદા કાળનો નહીં. વાસ્તવમાં, તે જ શક્તિના અભાવથી નિરાશ થઈ જાય છે. તે શક્તિ છે.

'આધ્યાત્મિક શક્તિ' અને આ આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવાને એક માત્ર સ્ત્રોત છે. 'રાજયોગનો અભ્યાસ. આ રાજયોગના માધ્યમથી આપણે એવી શક્તિઓ પ્રાપ્ત કરીએ છીએ જેનાથી આ ભૌતિક જગતમાં રહેવા છતાં જુદી-જુદી પરિસ્થિતિઓની વચ્ચે જીવનને સંતુલિત રાખી શકીએ છીએ.

આ શક્તિઓને પ્રાપ્ત કરવામાં આવી. તેના પ્રતિક સ્વરૂપે ભારતમાં શિવ શક્તિઓને અષ્ટ ભૂજાધારી બતાવવામાં આવી છે. આ ભુજાઓમાં શસ્ત્રરૂપી દિવ્ય અલંકાર બતાવવામાં આવ્યા છે. ભક્તિમાં શિવ શક્તિ ઓને અષ્ટ ભૂજાઓ મદદ અને સહયોગનું પ્રતિક છે. જ્યારે કોઈપણ વ્યક્તિ પાસેથી કોઈ મદદ જોઈએ તો કહેવામાં આવે છે કે આ કાર્યમાં આપના સહયોગનો હાથ આપો. જ્યારે રાવણના દશ મસ્તકો અહંકાર-અભિમાનનું પ્રતિક છે.



**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

જે વ્યક્તિ અભિમાનમાં અથવા ઘમંડથી પોતાનું મસ્તક ઊંચુ રાખીને ચાલી રહ્યો છે. આ અહંકાર જ માનવીના સર્વ સમસ્યાઓ અને સર્વ અવગુણોનું મૂળ છે. આ અવગુણોને સમાપ્ત કરવા માટે દિવ્ય શક્તિઓની આવશ્યકતા છે. માટે નવરાત્રિ બાદ દશેરાનો તહેવાર આવે છે. વાસ્તવમાં સર્વશક્તિમાન પરમાત્મા જ સર્વોત્તમ ગુણો અને શક્તિઓનો સ્ત્રોત છે. મનુષ્ય જ્યારે સ્વયંને આત્મા નિશ્ચય કરીને પોતાના મનને નિરાકાર પરમપિતા પરમાત્મા શિવમાં એકાગ્ર કરે છે ત્યારે આ યોગ અભ્યાસથી પવિત્રતા, શાંતિ, શક્તિ, આનંદ વગેરેની પ્રાપ્તિ થાય છે અને અનુભૂતિ પણ થાય છે. આ સર્વોત્તમ યોગ આપણને સર્વપ્રાપ્તિઓ સહજ કરાવે છે.

રાજયોગથી જીવનમાં મુખ્ય ત્રણ લાભ થાય છે. પ્રથમ લાભ સ્વયંમાં થાય છે. વ્યક્તિ પોતાના મનને શાંત અને સંતુલિત રાખવાની વિધિ શીખી લે છે, જેનાથી તે કેટલાંય પ્રકારના તણાવ, નકારાત્મક ભાવનાઓ તથા કમજોરીઓથી મુક્ત થઈ જાય છે. તે સ્વંમમાં આત્મ સંતોષનો અનુભવ પણ કરે છે.

રાજયોગથી બીજો લાભ સંબંધોમાં થાય છે. આ યોગથી વ્યક્તિમાં સદ્ગુણોનો વિકાસ થાય છે. તેને સમજાય જાય છે કે દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ વિશેષતા છે. તેથી એકબીજામાં દોષ દર્શનને બદલે ગુણ-દર્શન કરવા લાગે છે. જેનાથી સંબંધોમાં મધુરતા આવે છે અને વ્યક્તિ વહેવાર કુશળ બની જાય છે.

ત્રીજો લાભ પરિસ્થિતિ અને સમસ્યાઓમાં સમાધાન

આ રાજયોગના માધ્યમથી આપણે એવી શક્તિઓ પ્રાપ્ત કરીએ છીએ જેનાથી આ ભૌતિક જગતમાં રહેવા છતાં જુદી-જુદી પરિસ્થિતિઓની વચ્ચે જીવનને સંતુલિત રાખી શકીએ છીએ

રૂપ અનુભવ કરે છે. વ્યક્તિ અનેક પડકારો અને સમસ્યાઓમાં સમાધાન રૂપ અનુભવ કરે છે. વ્યક્તિ અનેક પડકારો અને સમસ્યાઓનો ગુણો દ્વારા સમાધાન સ્વરૂપ બની રહે છે.

સામનો કરે છે, સહન કરે છે અને સમાવવાની શક્તિ દ્વારા જીવનને નિર્વિઘ્ન બનાવે છે.


આમ રાજયોગનો અભ્યાસ મનની એકાગ્રતા દ્વારા માનવી જીવન સુખ-શાંતિવાળું પોતાના પરિવાર સાથે આધ્યાત્મિક સત્સંગ કરીને જીવન સફળ બનાવી શકે છે.

મિત્રો, ચાલો આપણે આવી આધ્યાત્મિક સત્સંગની પાપા પગલી આપણા ઘરેથી પાડીએ, મિત્રમંડળ પરિવારથી શરૂઆત કરીએ અને સૌને માટે પ્રેરણારૂપ બનીએ... ઓમશાંતિ......

# અસંભવ સંભવ થાય છે

મનોબળ એટલે કોઈપણ વ્યક્તિની માનસિક મજબૂત અને સ્થિર વિચારધારા! જેના આધારે માનવ કોઈપણ ક્રિયા પૂર્ણતાથી કરવા સમર્થ થાય છે. મનોબળને સફળતા સાથે સીધો સંબંધ છે. પ્રત્યેક મનુષ્ય સફળતાની ઇચ્છા તો રાખે જ છે અને તે માટે પ્રયત્ન પણ કરે છે. પરંતુ જીવનના કઠિન માર્ગ પર ચાલતાં જ્યારે બે રસ્તા દેખાય ત્યારે સવળો નિર્ણય જ સફળતાના મુકામ સુધી પહોંચાડે છે. આ નિર્ણય માટે દૃઢ મનોબળનો આધાર હોય તો તે અપાર આત્મવિશ્વાસ પ્રગટાવે છે. જ્યારે નબળા મનોબળ દ્વારા લેવાતા નિર્ણયો વ્યક્તિને અધોગતિના અંધકારમાં ધકેલી દે છે.

ઘણીવાર એવું બનતું હોય છે કે વ્યક્તિ શારીરિક રૂપે અસક્ષમ થઈ જાય છે. ત્યારે તેને જીવનમાં પ્રગતિ પામવા માટે એક દૃઢ અને અડગ મનોબળ સિવાય કોઈ સાધન અથવા વિકલ્પ રહેતો નથી. અરુણીમાં સિંહા પણ એવા દૃઢ મનોબળનું એક ઉદાહરણ છે. ભારતની રાષ્ટ્રીય વોલીબોલ ટીમમાં ખેલાડી રહેલી અરુણીમા સિંહાને એક અકસ્માતમાં પોતાનો એક પગ ગુમાવવો પડ્યો. ત્યારે તેની પાસે બે વિકલ્પ હતા. આજીવન પથારી અથવા વ્હિલચેરપર રડતાં-રડતાં પડ્યું રહેવું અથવા કંઈક એવું કરી બતાવવું, જેથી આ દુનિયા માટે તે એક ઉદાહરણ બની જાય. તેને બીજો વિકલ્પ પસંદ કર્યો અને વિશ્વનું સૌથી ઊંચું પર્વત માઉન્ટ એવરેસ્ટ ભાંગેલા પગે સર કરવાનો નિર્ણય લીધો.



**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

આ નિર્ણય લઈ એવરેસ્ટ ચડવા માર્ગદર્શન લેવા તેઓ બચેન્દ્રી પાલ પાસે ગયા ત્યારે બચેન્દ્રી પાલે જવાબ આપ્યો, "એવરેસ્ટ તો તમે સર કરી ચૂક્યા. હવે તો ખાલી દુનિયાને તારીખ જણાવવાની વાર છે.'" માત્ર દૃઢ મનોબળ કોઇપણ કામને અડધું પૂરું કરી દે છે.' એ આપણને અરુણીમા સિંહાએ સમજાવી દીધું. અરુણીમા સિંહાએ એવરેસ્ટ સર કરી પણ બતાવ્યો. આમ, આ એવરેસ્ટ અરુણીમા સિંહાએ શારીરિક સક્ષમતાથી નહીં પણ માનસિક દૃઢતા વડે સર કરી બતાવ્યો.

આફ્રિકામાં ચાલતી રંગભેદની નીતિના કારણે અંગ્રેજોએ મોહનદાસ કરમચંદ ગાંધીને ટ્રેનમાંથી બહાર ફેંક્યા ત્યારે તેમને મનમાં નક્કી કરી લીધું કે, "જે અંગ્રેજોએ મને ચાલતી ટ્રેનમાંથી બહાર ફેંકી દીધો છે, તેમનો પાયો હું મારા દેશમાંથી ઉખાડી નાંખીશ." અને આમ એક દૃઢ મનોબળ દ્વારા સધાયેલ એક ચોક્કસ ધ્યેયે મોહનદાસ કરમચંદ ગાંધી 'મહાત્મા ગાંધી' બન્યા અને આ મનોબળ સાથે મહાત્મા ગાંધી જીવનના છેલ્લા શ્વાસ સુધી જીવ્યા અને અંગ્રેજોનો પાયો દેશમાંથી ઉખાડી ભારત દેશને સ્વતંત્ર બનાવ્યો. આજે આપણે જે સ્વતંત્રતાની હવા માણી રહ્યા છીએ એ પણ એક દૃઢ મનોબળનું જ પરિણામ છે.

સમાજમાં એવા વ્યક્તિઓ વિશે પણ આપણે સાંભળ્યું હશે કે જેમની પાસે રહેવા-ખાવા-પીવા-સુવાની સુવિધા સારામાં સારી હોય, શારીરિક રીતે પૂર્ણ સક્ષમ હોય, આર્થિક રીતે પણ સક્ષમ હોય, છતાં મનોબળ નબળું હોય અને અંતે પરિણામ પણ સંતોષકારક ન મેળવી શક્યા હોય. તો બીજી બાજુ એવી પણ વ્યક્તિઓ વિશે આપણે સાંભળ્યું અથવા વાંચ્યું હશે કે જેમની પાસે આમાંનું કશું જ ન હોય છતાં જીવનમાં પોતાના મનોબળના આધારે પ્રગતિના પથ પર પુરપાટ ગતિએ દોડતા હોય.

બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક શાસ્ત્રીજી મહારાજે પણ અ સંસ્થાની સ્થાપના ખૂબ જ વિષમ પરિસ્થિતિઓની વચ્ચે કરી હતી. આર્થિક ભીંસ તો ચોવીસ કલાક તલવારની પેઠે માથે જ લટકતી હોય. માણસોનો સમુદાય પણ એટલો વિશાળ નહોતો. પણ કેવળ પોતાના દૃઢ મનોબળ વડે અને ભગવાનમાં શ્રદ્ધાના બળથી તેમણે આ સંસ્થાની સ્થાપના કરી અને પાંચ ગગનચુંબી મંદિરો

સમાજમાં એવા વ્યક્તિઓ વિશે પણ આપણે સાંભળ્યું હશે કે જેમની પાસે રહેવા-ખાવા-પીવા-સુવાની સુવિધા સારામાં સારી હોય, શારીરિક રીતે પૂર્ણ સક્ષમ હોય, આર્થિક રીતે પણ સક્ષમ હોય, છતાં મનોબળ નબળું હોય અને અંતે પરિણામ પણ સંતોષકારક ન મેળવી શક્યા હોય

પણ બનાવ્યાં!

જીવનમાં ઉન્નતિના આકાશમાં ઉડવું કે અસફળતાના સમુદ્રમાં ડૂબવું એ કોઈ પરિસ્થિતિ, અન્ય વ્યક્તિ અથવા કોઈ પદાર્થના હાથમાં નથી. એ કેવળ અને કેવળ આપણા જ હાથમાં છે. આપણા મનોબળ અને દૃષ્ટિકોણ પર તેનો સંપૂર્ણ આધાર રહેલો છે. દૃઢ મનોબળ ઘૂંટાવતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૩૩માં કહે છે "મનુષ્યદેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્યે અભ્યાસ રાખીને કરે તે થાય છે." ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે કે, 'મનુષ્ય જે ધારે તે કરી શકે છે,'

મહંતસ્વામી મહારાજ ઘણી વાર કહે છે કે "માણસ મનથી મક્કમ હોય તો અસાધારણ કાર્ય પણ પળવારમાં કરી બેસે. તપ કરવા માટે કેવળ મજબૂત શરીર નહીં પરંતુ દૃઢ મનોબળ જોઈએ. જેનું મન મજબૂત હોય તેથી તપ પણ વિશેષ થાય છે. માટે સવળા વિચારથી મંડી પડવું. "

તો ચાલો આપણે પણ સવળા વિચાર સાથે અસંભવને સંભવ કરીએ.